હરિની દૃષ્ટિ...

વડીલશ્રી, ચિંતા ના કરો, શિક્ષણની ગુણવત્તા સુધારવાના સેમિનારમાં બસો તજજ્ઞોની મીટીંગ યોજાનાર છે... ત્યારબાદ એ લોકો ઉપાય સુચવે પછી તુરત જ તમારા બાળકને લખતા વાંચતા આવડી જશે....!!!

ગાંધીનગરના રાયફલ શૂટર્સનું સન્માન કરાયું

પ્રિ-નેશનલ તથા સ્ટેટ કક્ષાએ ઉષ્કૃષ્ઠ દેખાવ કરી ગાંધીનગરનું નામ રોશન કરનાર ખેલાડીઓનું સન્માન : જિલ્લાકક્ષાની સ્પર્ધાના વિજેતાઓને મેડલ અર્પણ કરાયાં

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ એર રાયફલ એસોસિએશન દ્વારા પ્રિનેશનલ સ્પર્ધા તથા રાજ્યકક્ષાની સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર શૂટરોને સન્માનવાની સાથે ડિસ્ટ્રીક્ટ એર રાયફલ શુટિંગ સ્પર્ધાના વિજેતાઓનો ચંદ્રક વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો. આ સમારોહ સે. ૧ના તળાવ પાસેના ગાર્ડનમાં યોજવામાં આવ્યો હતો. જેમાં તમામ વિજેતા સ્પર્ધકોને એસોસિએશનના હોદેદારો દ્વારા મેડલ અર્પણ કરવામાં આવ્યા હતા.

ગાંધીનગરની ગોલ્ડન ગર્લ તરીકે ઉભરી આવેલ કુ. હિરલ સોલંકી, વિમલ પ્રજાપતિ, મનહરસિંહ ઝાલા તથા જય મહેતાનું પૂના ખાતે રમાયેલ ફોર્થગન ફોર ગ્લોરી પ્રિ-નેશનલ ઈવેન્ટ તથા રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઝીલ પટેલનું રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રસંશનીય પ્રદર્શન બદલ સન્માન કરવામાં આવ્યું હતું.

આ સાથે ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ એર રાયફલ શૂટિંગ કોમ્પીટીશનના વિજેતા સ્પર્ધકોને મેડલ એનાયત કરાયા હતા. આ સ્પર્ધામાં સબ જુનિયર કેટેગરીમાં ધ્વનિ સોલંકીને ગોલ્ડ મેડલ, જુનિયર ગર્લ કેટેગરીમાં ધ્રુવી કોરીને ગોલ્ડમેડલ, જુનિયર બોયઝ વિભાગમાં યશરાજસિંહ વાઘેલાને ગોલ્ડ, દિશાન્ત સોલંકીને સિલ્વર, હેમાંગ પંડ્યાને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો હતો. સિનિયર ગર્લ્સ વિભાગમાં પિયુષા તળવીને ગોલ્ડ, મેઘા પટેલને સિલ્વર, જહાન્વી ચાવડા તથા ધરાન્ગી પટેલને બ્રોન્ઝ, સિનિયર બોયઝમાં ઝીલ પટેલને ગોલ્ડ, વિદુર મુનિરને સિલ્વર, હર્ષવર્ધનસિંહ રાઠોડ તથા વિશ્વરાજસિંહ રાઠોડને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયા હતા. ઓપન વિભાગમાં ગર્લ્સમાં વૈશાલી કાપડીયાને ગોલ્ડ, વાસુકી પ્રજાપતિને સિલ્વર તથા રોશની બ્રહ્મભટ્ટને બ્રોન્ઝ મેડલ ઉપરાંત બોયઝમાં કેતનકુમાર પટેલને ગોલ્ડ, વિપુલ ચૌહાણને સિલ્વર તથા આદિત્ય પટેલને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયા હતા. સમારોહમાં રાયફલ એસોસીએશનના પ્રમુખ મહેશભાઈ સોલંકી, સેક્રેટરી હિતેન્દ્રસિંહ રાઠોડ તથા ખજાનચી ગજેન્દ્રસિંહ બારડે વિજેતા સ્પર્ધકોને મેડલ તથા પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. તેમજ રાયફલ અને પિસ્ટલ સ્પર્ધા અંગે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે કુ. હિરલ મહેશભાઈ સોલંકીએ ૧૦ મીટર પિપસાઈડ વિભાગમાં તથા ૫૦ મી. પ્રોન પોઈન્ટ ટુટુ વિભાગમાં પ્રિ. નેશનલ કક્ષાએ ગોલ્ડ મેડલ તથા સ્ટેટ લેવલે પણ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત વિમલ ચિનુભાઈ પ્રજાપતિએ પ્રિનેશનલમાં બ્રોન્ઝ તથા સ્ટેટ કોમ્પીટીશનમાં બ્રોન્ઝ મેડલ, ઝીલ પટેલ તથા મનહરસિંહ ઝાલાએ રાજ્યકક્ષાએ અનુક્રમે બ્રોન્ઝ તથા સિલ્વર પ્રાપ્ત કર્યા હતા. તમામ ખેલાડીઓને ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ એસોસિશનનું નામ રોશન કર્યું છે. ગાંધીનગર જિલ્લાકક્ષાની સ્પર્ધામાં અનિકેત સુમેસરા, વિમલ પ્રજાપતિ, વિશ્વરાજસિંહ વગેરેએ રેન્જ ઓફિસર્સની સેવાઓ પુરી પાડી હતી જ્યારે ધ્વનિ સોલંકીએ સ્કોરરની ભૂમિકા નિભાવી હતી.

બાપા મોરીયા.... ગણેશ મહોત્સવના અંતિમ દિને સેક્ટર-૬ ભુવનેશ્વરી પીઠ મહાદેવ ખાતે ગણેશયાગનું આયોજન કરાયું હતું. વેદ મંત્રોના ઉચ્ચારણ સાથે સંપન્ન થયેલ ગણેશયાગના દર્શન માટે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ભગવાન ગણપતિજીના ઉત્સવના અંતિમ દિને ભાવપૂર્વક ભાવિકોએ જયઘોષ કર્યો હતો.

ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન દેવાંગન આજથી બે મહિના માટે વિદેશમાં વસતા દિકરાને મળવા જઈ રહ્યા છે. તેમનો હવાલો નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી. ચૌહાણને સોંપવામાં આવ્યો છે.

● ગાંધીનગર શહેરમાંથી મળી રહેલા મચ્છરોના બ્રિડીંગને ધ્યાને રાખી આજથી તંત્ર તમામ જવાબદારો સામે સખ્ત કાર્યવાહીના મૂડમાં જોવા મળી રહ્યું છે.

● ગાંધીનગર શહેરમાં ગંદકીનું પ્રમાણ વધતુ જાય છે. ખાસ કરીને જાહેર સ્થાનો પર ગંદકી વધી રહી છે.

● આજથી શ્રાધ્ધ પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે. હવે ૧૫ દિવસ સુધી શુભ કાર્યો નહિ થઈ શકે.

● ગાંધીનગર શહેરમાં ટેલિફોન સેવાઓ કથળી રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

● ગાંધીનગર જિલ્લામાં ત્રણ દિવસ સલંગ બેંકોમાં રજા પડતાં અર્થતંત્ર ધીમી ગતિએ ચાલ્યુ હતુ.

● આજે વિશ્વ હાર્ટ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

● ગાંધીનગર શહેરની શાળાઓમાં પમી ઓક્ટોબરથી પરીક્ષાઓ શરૂ થઈ રહી છે.

● શહેર અને જિલ્લામાં આજે ગણેશ પૂજા અને વિસર્જનના કાર્યક્રમો યોજાયા હતા.

લાયસન્સ વગર મોબાઈલમાં ડાઉનલોડીંગ કરતો વેપારી ઝડપાયો

સેક્ટર-૨૧ પોલીસે કોપીરાઈટ એક્ટ હેઠળ વેપારીની ધરપકડ કરીને ૧૯,૫૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૭

શહેરના સેક્ટર-૨૧ શાકમાર્કેટ પાસેની શોપીંગ ખાતે સ્થિત લક્ષ્મી મોબાઈલ વર્લ્ડ દુકાનમાં કંપનીના લાયસન્સ વગર જ કાર્ડ રીડર મારફતે મોબાઈલમાં અ ો ડી ય ો - વિ ડી ય ો ડાઉનલોડીંગ કરી આપવામાં આવતું હોવાનું ધ્યાને આવતા કંપનીના પ્રતિનિધિએ દરોડા પાડ્યા હતા. સેક્ટર-૨૧ પોલીસે દુકાનદાર સામે કોપીરાઈટ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી વેપારીની ધરપકડ કરી લઈ ડાઉનલોડીંગ માટે વપરાતો મુદ્દામાલ જપ્ત કરી લીધો છે. આ કેસમાં ઝીણવટભરી તપાસ પીએસઆઈ સી.બી. ચૌહાણે શરૂ કરી છે.

મ્યુઝીક વર્લ્ડ સેન્ટર ટેઈકામેન્ટ કંપનીનું મ્યુઝીક કે વિડિયો ડાઉનલોડીંગ કરવા માટેનું લાયસન્સ ન હોવા છતાં સેક્ટર-૨૧ શાકમાર્કેટ પાસે સ્થિત દુકાન નં. ૨૨૧ લક્ષ્મી મોબાઈલ વર્લ્ડમાં ઓડીયો-વિડીયો ડાઉનલોડીંગ કરવામાં આવી રહ્યું હતું. જેને આધારે કંપનીના પ્રતિનિધિએ દરોડો પાડી વેપારી હિતેશ લાલચંદ વનજાણીને પકડી પાડ્યો હતો. કંપનીના પ્રતિનિધિની ફરીયાદને આધારે સેક્ટર-૨૧ પોલીસે વેપારી હિતેશની ધરપકડ કરી કોમ્પ્યુટર, બે કાર્ડ રીડર અને સ્પીકર સહીતનો મુદ્દામાલ જપ્ત કરી કોપીરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા ગિરીશ રાવલ સાયન્સ કોલેજ ખાતે કાનૂની શિબિર યોજાઈ

જિલ્લાના ચિલોડા મોટા ખાતે ગિરીશ રાવલ સાયન્સ કોલેજ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં પેરાલીગલ વોલન્ટર્સ તરીકે સુધીરભાઈ દેસાઈ, સીતારામભાઈ પટેલ, જયરામ સોની, જિગીષા ઉપાધ્યાય, રાજુભાઈ ગજજર, ભરતભાઈ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના વિદ્યાર્થીઓને રેપીંગ તથા એન્ટી રેપીંગ વિશેની માહિતી આપી. રેપીંગ અટકાવવા માટે કાયદાકીય પગલાં ભરવામાં આવે તેવી કાયદાકીય જોગવાઈ અંગે વિસ્તૃત સમજ પી.એલ.વી. જિગિષા ઉપાધ્યાયે આપી હતી. સુધીરભાઈ દેસાઈ, સીતારામ પટેલે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા લોકોમાં કાયદાકીય જાગૃતિ કેળવાય-સર્વને સમાન ન્યાય મળે તે વિશે માહિતીગાર કર્યા હતા.

વિશ્વ પ્રવાસન દિને ગુજરાતની નવી પ્રવાસન નીતિ જાહેર

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આજે વિશ્વ પ્રવાસન દિવસે જાહેર થયેલી ગુજરાત સરકારની નવી પ્રવાસન નીતિ-૨૦૧૫-૨૦૨૦ને રાજ્યને વૈશ્વિક પ્રવાસન નકશામાં સ્થાન અંકિત કરાવનારી પ્રોત્સાહક નીતિ ગણાવી છે.

પ્રવાસન મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ અને પ્રવાસન વિભાગને અભિનંદન પાઠવતા શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવ્યુ છે કે, આ પ્રવાસન નીતિએ પ્રવાસન ક્ષેત્રને ઉદ્યોગ ક્ષેત્ર જેવો દરજ્જો આપીને સહુલીયત-વિકાસ માટે નવી દિશા ખોલી છે. આ પ્રવાસન નીતિમાં પ્રોત્સાહક અભિગમ સાથોસાથ પર્યાવરણીય સાતત્યતા, સ્વચ્છતા-સ્થાનિક રોજગાર નિર્માણ તેમજ આંતરમાળખાકીય સુવિધા વિકાસનો વિશેષ ખ્યાલ રાખવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ પ્રવાસન નીતિ ૧૫-૨૦ સર્વગ્રાહી અને સાતત્યપૂર્ણ વિકાસની નેમ પાર પાડવા સાથે ગુજરાતને 'ટુરીઝમ ડેસ્ટીનેશન' અવશ્ય બનાવશે તેવો વિશ્વાસ દર્શાવ્યો છે. ગુજરાત વિશ્વભરના પ્રવાસન પ્રેમીઓના આકર્ષણનું કેન્દ્ર છે જ તેમાં આ પોલિસી નવુંપ્રેરણાબળ પુરૂ પાડશે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ પ્રવાસન નીતિ ૨૦૧૫-૨૦૨૦ની ઘોષણાને આવકારતા જણાવ્યું છે.

આજથી પિતૃ તર્પણના પર્વ શ્રાધ્ધ પક્ષનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૭

સોમવારથી પિતૃતર્પણ પર્વ શ્રાધ્ધ પક્ષનો પ્રારંભ થઈ રહ્યો છે. શ્રાધ્ધ પક્ષમાં પિતૃઓના આત્માની શાંતિ માટે તેમનું આહ્વાન કરી વિવિધ વાનગીઓ અર્પણ કરવામાં આવે છે. આ ઉપરાંત ભોજન, પિંડદાન અને તર્પણવિધિ દ્વારા પિતૃઓને તૃપ્ત કરવાનો અવસર શ્રાધ્ધ પર્વ પૂરો પાડે છે. આવતીકાલથી નગરજનોના ઘરના ધાબેથી કાગવાસના પોકારો સાંભળવા મળશે.

હિન્દુ પૌરાણિક ગ્રંથો અને માન્યતા અનુસાર ભાદરવા મહિનાની પૂનમથી લઈને આસો માસની અમાસ સુધીનો સમય શ્રાધ્ધ પક્ષ તરીકે ઓળખવામાં આવે છે. શ્રાધ્ધ પક્ષને પવિત્ર માનવામાં આવે છે તથા તે દરમ્યાન પિતૃઓની આત્માની શાંતિ માટે બ્રાહ્મણોને ભોજન કરાવવામાં આવે છે તથા પિંડદાન અને તર્પણ વિધિ કરાવવામાં આવે છે. પોતાના સ્વજન-પિતૃનું જે તિથિએ મૃત્યુ થયું હોય તે અનુસાર શ્રાધ્ધ પક્ષની તે તિથિએ ઘરે દૂધપાક-પુરી વગેરે બનાવી ઘરની છત પર અથવા ધાબે 'કાગ-વાસ' નાંખવામાં આવે છે. એવું માનવામાં આવે છે પિતૃઓ કાગ સ્વરૂપે આવી આ તર્પણનો સ્વીકાર કરે છે. ત્યારે તેમને તૃપ્તિ મળે છે. આ ઉપરાંત ગાય અને કૂતરાંને પણ લાડુ સહિત વિવિધ મિષ્ઠાન દ્વારા ભોજન કરાવી તર્પણ કરાવવામાં આવે છે. જોકે શ્રાધ્ધ પક્ષમાં ખીર બનાવવા પાછળ વૈજ્ઞાનિક તક એ રજુ કરાય છે કે શ્રાવણના વરસાદના સમયગાળામાં મોટે ભાગે વ્રત-ઉપવાસ કરી શરીરને નિરોગી રાખવા પ્રયત્ન કરાયો હોય ત્યારે નબળા પડેલા શરીરને ખીર-પુરી દ્વારા ઉર્જા પ્રાપ્ત થાય છે. વળી, ભાદરવાના તાપમાં ખીર એ પિત્તશમનનું પણ કાર્ય કરે છે.

શ્રાધ્ધ પર્વમાં નગરજનો પોતાના પિતૃઓની આત્માની શાંતિ માટે તર્પણ કરશે તેમજ આ સમયે વિવિધ વિધિવિધાન યજ્ઞો પણ હાથ ધરાશે. આ સાથે નગરમાં ધાબા ઉપરથી 'કાગ-વાસ'ના પોકારો પણ સાંભળવા મળશે.

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા ગામના હસમુખભાઈ પટેલના નિવાસસ્થાને ગણેશ સ્થાપન કરવામાં આવ્યું હતું. નિત્યક્રમ મુજબ દરરોજ આરતી તેમજ પૂજા-અર્ચના કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. ગણેશ મહોત્સવના દશમા દિવસે દાદાની ભવ્ય શોભાયાત્રા ડી.જે.ના તાલે નીકાળવામાં આવી હતી. શોભાયાત્રા ગામ તેમજ બજારોમાં ફરી ભક્તો ઉર્ત્કઠેશ્વર મહાદેવના મંદિર પાસે આવેલ નદીમાં ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય શોભાયાત્રામાં ભક્તજનોએ ઉત્સાહભેર ભાગ લઈ ધન્ય બન્યા હતા.

વિઠ્ઠલભાઈ પટેલની જન્મજયંતિએ મુખ્યમંત્રીની આદરાંજલિ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સ્વ. વિઠ્ઠલભાઈ પટેલની આજે ૧૪૩મી જન્મજયંતિએ વિધાનસભા પટાંગણમાં તેમની પ્રતિમા સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી, આદર ભાવ વ્યક્ત કર્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલના ગુરૂબંધુ સ્વ. વિઠ્ઠલભાઈ પટેલની પ્રતિમાને વિધાનસભા અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા, દંડક શ્રી પંકજભાઈ દેસાઈ, ધારાસભ્યો, ગાંધીનગરના મેયર અને નાયબ મેયર હંસાબેન મોદી અને ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ સહિત પક્ષના પદાધિકારીઓ ઉપસ્થઈત રહ્યા હતા.

ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશનની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે આજરોજ ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશનની ૩૫મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં રાજ્યભરના જિલ્લા/તાલુકાના હોદેદારો, સભ્યો સહિત વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશનની ૩૫મી વાર્ષિક સામાન્ય સભામાં ઉપસ્થિત મહેમાનોએ જણાવ્યું હતું કે વૃક્ષ એ અગત્યની વાત છે. વૃક્ષ વિના જીવન શક્ય નથી. વધુમાં વધુ વૃક્ષ વાવીને ટ્રી પ્રોડક્શન વધે તે દિશામાં આગળ વધવું જોઈએ. રાજ્યમાં સૌરાષ્ટ્રમાં સૌથી ઓછા ઝાડ કપાય છે. જ્યારે સૌથી વધુ ખેડા અને આણંદમાં કપાય છે. રાજ્યમાં વૃક્ષોની સંખ્યા ૨૦૦૯ની સાલમાં ૨૬.૯ કરોડ હતી. જે વધીને ૨૦૧૩ના વર્ષમાં ૩૦.૧ કરોડ થવા પામી છે. જ્યારે તેઓએ વધુમાં જણાવ્યું હતું કે ગોરસ આંબલી, લીમડા વધે તો લાભ જ્યારે અરડુસીના ઝાડથી સારી આવક થાય છે. અત્યારે હાલના સંજોગોમાં આણંદ, નડીયાદમાં મલેશીયન નીમનું વાવેતર વધુ કરવામાં આવે છે. કારણ કે તે ઝડપથી વધતુ જાય છે. પર્યાવરણ અંગે વૃક્ષની મહત્વતા જણાવતા કહ્યું કે આપણું અસ્તિત્વ તેના કારણે ટકેલું છે. આવનારી પેઢી માટે તે મહત્વની બાબત છે. જ્યારે ફેડરેશનના પ્રમુખે સામાજીક વનીકરણમાં સહકાર આપવા ફેડરેશન આગળ વધશે. જ્યારે નીલગીરી, લીમડો, આંબલી, ગોરસ આંબલી સહિતના વૃક્ષોના ક્લોન પર રિસર્ચ કરવામાં આવે જેથી લાંબા અને સીધા સરળ વૃક્ષ ઉગી નીકળે તે દિશામાં તંત્રએ કામ કરવું જોઈએ. ત્યારબાદ સભામાં એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી હતી. ઉપસ્થિત હોદેદારોમાં સરકારી તંત્ર દ્વારા ૮૬ જેટલા વૃક્ષો જે પોતાની માલિકીના પ્લોટ પર ઉગાડેલા હોય તેને પરમિશન વગર કાપી શકાશે. જ્યારે ૨૨ વૃક્ષોને ગ્રામ સમિતિની સંમતિ મળ્યા બાદ કાપી શકાશે. તેવી ચર્ચા ચાલતી હતી. સભ્યોએ વનવિભાગને સ્પર્શતા પ્રશ્નો અંગે રજુ ફેડરેશનને રજુઆત કરી હતી. આ પ્રસંગે જગદીશ પ્રસાદ, સકસેનાજી, ફેડરેશનના પ્રમુખ રવિન્દ્રભાઈ, કાંતિભાઈ સહિત માજી પ્રમુખો સહિત જિલ્લા તાલુકા કક્ષાના હોદેદારો સભ્યો હાજર રહ્યા હતા.

ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયેલ ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશનની ૩૫મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં રાજ્યભરમાંથી ટીમ્બરના વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગોઝારીયાના રોનક પટેલ અને ભગીરથસિંહ ચાવડાએ ટીમ્બર ગુરૂ કોમ નામની વેબસાઈટ શરૂ કરી છે. તેમાં બધી પ્રકારના લાકડાના સપ્લાયરને તેમની સારામાં સારી સેવાઓ આપે છે. ટીમ્બર ગુરૂ તેમના સભ્યોને ઓછા વ્યાજબી ભાવે સરળતાથી મશીનરી ખરીદવાની એક ઉત્તમ સગવડતા પુરી પાડે છે. પોતાના વેપારનો ભારતભરમાં વ્યાપ વધારવા માટે અને આદાન-પ્રદાન માટે ઉત્તમ ટીમ્બર ગુરૂ ડોટ કોમ છે. તેમજ આગામી ૪,૫ ઓક્ટોબરના રોજ અખિલ ભારતીય યુવા સંઘ દ્વારા મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે કાર્યક્રમ યોજાશે.